# બાગે ફિરદૌસ માસિક

JULY- 2015

## ઈલ્મે દિન

જ્યારે અલ્લાહ કોઈ બંદાને નેકી કરે એમ ઈચ્છે તો તેને ઈલ્મે દિન અતા કરે છે. ઈલ્મેદિન દુઃખોમાં ધીરજ રાખવામાં અને રોઝી મેળવવામાં, વચલો માર્ગ અખત્યાર કરવામાં સર્વ રીતે સંપૂર્ણ છે.

- હ. ઈમામ જાફરે સાદિક (અ.સ.)

(જીવન સંદેશ પેજ નં. ૨૩૩ માંથી સાભાર)

**BAG-E-FIRDOUS MONTHLY**

# બાગે ફિરદૌસ માસિક

અંક -૧૧૫ વર્ષ - ૧૦ જૂલાઈ : ૨૦૧૫

**પ્રકાશનનું સ્થળ**
બાગે ફિરદૌસ માસિક ૨/બી, ૨૯૬૭, ગ્રાઉન્ડ ફ્લોર,
વર્ધમાનનગર, આશીર્વાદ પ્રોવિઝનની પાસે,
શાકમાર્કેટ રોડ, ભરતનગર. ભાવનગર-૩૬૪૦૦૨.
(ગુજરાત -ભારત)
Contect :+91-9825209942
E-mail : maheboob_bhimani@yahoo.com
bhimanimaheboob@yahoo.com

પ્રકાશન તારીખ : ૧૨-૭-૨૦૧૫
ઈસ્લામી મહીનો : માહે રમઝાન -૧૪૩૬

**તંત્રી : મહેબુબ આર. ભીમાણી**

મુદ્રક : મહેબુબ આર. ભીમાણી
૨/બી, ૨૯૬૭, ગ્રાઉન્ડ ફ્લોર,
વર્ધમાનનગર, આશીર્વાદ પ્રોવિઝનની પાસે,
શાકમાર્કેટ રોડ, ભરતનગર,
ભાવનગર-૩૬૪ ૦૦૨.

**લવાજમ ભારત માટે**

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦-૦૦ |
| લાઈફ મેમ્બર | રૂા. ૨૭૮૬-૦૦ |

**Out of India**

| | |
|---|---|
| Yearly Subscription | US $ 35 |
| 5 Years | US $ 160 |
| Life Time Mambership | US $ 600 |

**શું આપ ઈચ્છો છો ? :** આપની અન્જુમન / સંસ્થા / જમાતના સમાચાર **'બાગે ફિરદૌસ'** વિભાગમાં પ્રગટ થાય તો આપ તેને સારા અક્ષરમાં આપની સંસ્થાના લેટરપેડ યા રબ્બર સ્ટેમ્પવાળા કાગળ પર ટુંકમાં લખી ભાવનગર ખાતે **'બાગે ફિરદૌસ'** માસિકના સરનામે મોકલી આપશો.

**'બાગે ફિરદૌસ' માસિકનું લવાજમ, ડોનેશન, જાહેર ખબર તેમજ લેખ, સમાચાર વિગેરે નીચેના સરનામા પર મોકલવા વિનંતી**

'બાગે ફિરદૌસ' માસિક, સવાઈગરની શેરી, ગ્રાઉન્ડ ફ્લોર, પાણીની ડંકીવાળી શેરી, મહેદી પેલેસની સામે, સ્ટેશન રોડની પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧. (ગુજરાત- ભારત) મોબાઈલ નં. : ૯૮૨૫૨૦૯૯૪૨

**PLEASE SEND YOUR SUBSCRIPTION, ADVERTISEMENT, DONATION, ARTICLES, NEWS-RIPORTS AND SUGGESTIONS ETC.**

**BAG-E-FIRDOUS MOTHLY**

GROUND FLOOR, NEAR PANI NI DANKI, OPP. MAHEDI PALACE, SAVAIGAR NI SHERI, B/H. STATION ROAD, BHAVNAGAR - 364001. (GUJARAT-INDIA)
MOBILE : +91-9825209942
E-mail : maheboob_bhimani@yahoo.com

## તંત્રીની કલમે....

## ઈમામ હ. અલી (અ.સ.)ની સખાવતની મિસાલ

માહે રમઝાનુલ મુબારકનાં અંતિમ દિવસો પસાર થઈ રહયા છે ત્યારે આ બાબરકત અને બાફઝિલતવાળા દિવસોનો વધુને વધુ ફૈઝ હાંસિલ કરી થઈ ગયેલા નાના-મોટા ગુન્હાઓની માફી તલબ કરી બક્ષિસ મેળવી લઈએ.

પૈગમ્બરે ઈસ્લામ હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.)એ માહે શાબાનનાં આખરી દિવસોમાં એક ખુત્બામાં ફરમાવેલ છે કે, ખરેખર શકી અને બદબખ્ત ઈન્સાન એ છે કે જે આ અઝિમ મહિનામાં ખુદાની રહેમત - બક્ષિસોથી મહેરૂમ (વંચીત) રહે છે.

આ દિવસોમાં  મિસ્કીનો, હકદારો, ગરીબોને તેઓનો હક પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ માહે મુબારક બાદ આવનાર દિવસ ખુશીનો દિવસ એટલે કે ઈદુલફિત્રની ઈદની ખુશી મનાવવાનો દિવસ છે. આ દિવસે આપણે સૌ શરીયતનાં દાયરામાં રહી બેહદ ખુશી મનાવીએ છીએ ત્યારે આ ઈદની ખુશીમાં આપણે આપણાં ગરીબ ભાઈઓને ન ભૂલીએ તેઓ પણ આ ખુશીમાં શામિલ થાય તેનો ઈન્તેઝામ કરવો જોઈએ. આપણી દરમિયાન, આપણી આસપાસ એવા અનેક ગરીબો છે જેઓ પોતાની ગરીબીને ઈઝઝત-આબરૂનાં લીધે જાહેર કરી શકતાં નથી પરંતુ સાહેબે હેસિયતની ફરજ બને છે કે ગરીબોની ઈઝઝત આબરૂનો લિહાઝ રાખી મદદ કરતી રહેવી જોઈએ.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ની શહાદત બાદ જયારે ગરીબ, મીસ્કીનો, ફકીરો, હાજતમંદોએ આપ (અ.સ.)ની તલાશ કરી ત્યારે તે સમયે લોકોને ખબર પડી હતી કે, હ. અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) રાત્રિનાં અંધકારમાં પોતાની પીઠ પર માલ-સામાન, અનાજ, માલ-દૌલત વિગેરેને લાદી જરૂરતમંદ, હકદારોને તલાશ કરી તેઓ સુધી પહોંચાડતા હતાં. આ છે આપ (અ.સ.)ની સખાવતની મિસાલ. જયારે આજનાં સમયે આપણી સખાવત, સખાવત કરતાં ઢોલ વધુ પીટવામાં આવે છે.

અલ્લાહ તઆલાની બારગાહમાં છુપી રીતે કરેલ ખૈરાત વધુ અફઝલ અને વધુ કબુલીયતને પાત્ર હોય છે. જયારે પણ કોઈ ખૈરાત જમણા હાથેથી કરે તો ડાબા હાથને પણ ખબર ન પડે તેવી રીતે ખૈરો ખૈરાત કરવી જોઈએ.

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ની હદિસમાં છે કે, પોતાની હયાતી દરમિયાન ચાંદીનાં એક સિક્કાની સખાવત કરવી તે મૃત્યુ સમયે આપેલ ૧૦૦ સીકકાની સખાવત કરતાં બહેતર છે.

અંતમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની બારગાહમાં દુઆ છે કે દરેક મોઅમીનને નેક તૌફીકાતમાં વધારો કરે. (ઈ.આમીન) - સંપાદક


## જોઈએ ન જોઈએ

- એસ. જી. મરચન્ટ (પૂના)

અલ્લાહની પૂકાર દિલમાં જોઈએ અલ્લાહની ઈબાદત મનમાં જોઈએ. અલ્લાહનો સીધો રસ્તા (સ.મુ.) જોઈએ. હલાલની રોજી જોઈએ. અલ્લાહની મોમીનને મિત્રતા જોઈએ. અલ્લાહના બંદાનો સાથ જોઈએ. અલ્લાહની નમાઝનું ગુ. નુ ફુલ જોઈએ. સાથે તસ્બીની ખુશ્બુ જોઈએ. હકથી વધારે લેશ મારે ન જોઈએ. હક થાય તે આપે વધારે ન જોઈએ. શેતાનની હરકત જરા પણ ન જોઈએ. શેતાનવાળા મિત્રો ન જોઈએ. ઈમાનદારીથી વધારે લેશ મારે ન જોઈએ. બેઈમાનદારી જરાપણ ન જોઈએ. નમાઝ વગરની ઈબાદત ન જોઈએ. નમાઝ વગરના મિત્રો ન જોઈએ. અખ્લાક અને નમાઝ વગરની પત્ની ન જોઈએ. નમાઝ અને અખ્લાક વગરન પતિ ન જોઈએ. મને જન્નતની ખુશ્બુ જોઈએ જહન્નમની આગ ન જોઈએ.

*નોંધ :- લેખ આવકાર્ય છે.* 'બાગે ફિરદૌસ' માસિકમાં પ્રસિદ્ધ કરવા માટે જે ભાઈઓ લેખો મોકલવા ઈચ્છતા હોય તેઓએ પોતાના લેખને કાગળમાં એક તરફ સ્વચ્છ અક્ષરે ટૂંકમાં લખીને અથવા ટાઈપ કરીને મોકલી આપવા. વાદ-વિવાદ કે આક્ષેપભર્યા પત્રોને સ્થાન નથી. જમાતો અને સંસ્થાઓ પોતાની પ્રવૃત્તિઓ - એકટીવીટીઝનાં રીપોર્ટ મોકલી શકે છે.

**વર્લ્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન વિભાગનાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) ના હેડ નૌશાદભાઈ મેહરઅલી (યુ.કે.)**



**ગુજરાત-કચ્છની મુલાકાતે આવ્યા હતાં. તેઓએ તેમની આ મુલાકાત દરમિયાન 'બાગે ફિરદૌસ' ને તા. ૨-૭-૨૦૧૫નાં રોજ ઈન્ટરવ્યૂં આપેલ જે અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.**

***● આપ હાલમાં ગુજરાત-કચ્છની કેટલા દિવસની મુલાકાતે આવ્યા છો ?***

**- હું ગુજરાત-કચ્છનાં આ પ્રવાસમાં ચાર દિવસ કચ્છમાં, ૮ દિવસ મહુવામાં તેમજ ભાવનગરમાં ૧૨ દિવસ મળી કુલ-૨૫ દિવસ માટે આવ્યો છું.**

***● આપે અત્રે ગુજરાત-કચ્છની કેટલી જમાતોમાં, કેટલા મદ્રેસાઓની વિઝીટ કરી ?***

**- મેં કચ્છની બધી જમાતોમાં, બધા મદ્રેસાઓમાં અને ભાવનગર-મહુવામાં મળીને દસેક જેટલા મદ્રેસાઓની વિઝીટ કરી છે.**

***● આપ વર્લ્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન વિભાગનાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સનાં હેડ તરીકે કેટલા સમયથી જોડાયેલા છો ?***

**- હું વર્લ્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન વિભાગનાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ** (M.C.E.) **ના હેડ તરીકે ત્રણેક વર્ષથી સેવા આપી રહયો છું.**

***● હાલમાં અત્રે મદ્રેસાઓની આપની મુલાકાતમાં આપને મદ્રેસાઓમાં કઈ બાબત સારી લાગી અને કઈ બાબતમાં સુધારો કરવા માટે લક્ષ આપવાની જરૂરીયાત લાગે છે ?***

**- અહીં અમે જોયું કે બચ્ચાઓમાં ડિસીપ્લીન સારૂ છે તથા મદ્રેસાઓ દરરોજ થાય છે તે સારી બાબત છે, સુધારામાં બે-ત્રણ ચીજ છે જેમાં અહીં મદ્રેસાઓમાં ટીચરોની ખાસ જરૂરીયાત છે, તેમજ ખાસ કરીને મદ્રેસાઓમાં નાના-મોટી વયનાં બાળકો સાથે બેસી તાલિમ લેતા હોય**

છે જેમાં થોડો સુધારો કરવાની જરૂરીયાત લાગે છે, અહીં તાલિમ આપવાની એટલે કે શિખવાડવાની મેથડને બદલાવવાની જરૂરીયાત છે. મદ્રેસાઓમાં બચ્ચાઓને ઈન્ટ્રેસ્ટીંગ કરવાની ખાસ જરૂર છે.

*● વલ્ર્ડ ફેડરેશન મદ્રેસાઓ બાબતમાં કયા-કયા કાર્યો કરે છે ?*

- વલ્ર્ડ ફેડરેશનનું મદ્રેસાઓનું કામ બધી બાજુ થઈ રહયું છે, ખાસ કરીને આફ્રિકા ફેડરેશન, નસીમકો તેમજ કાઉન્સીલ ઓફ યુરોપીયનની જમાતોમાં થઈ રહયું છે.

વલ્ર્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન ડિપાર્ટમેન્ટમાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ(M.C.E.) માં ચાર વિભાગ છે. (૧) કરી કેલીપ (સીલેબસ) (૨) ટીચર ટ્રેનીંગ (૩) લર્નીંગ રીઝોસીસ (એટલે કે બચ્ચાઓને શીખવવામાં શું શું જોઈએ, એકટીવીટી, ફોટા, પીકચર સ્ક્રીન વિડિયો વિગેરે) (૪) એસેસમેન્ટ (ઈન્સ્પેકશન) આ ચાર વિભાગમાં કામકાજ થઈ રહયું છે. મદ્રેસાઓમાં જે કાંઈ ચેલેન્જો છે તેનો આમા સમાવેશ થયેલ છે. અમારાથી બનતા સુધી દરેક કાર્યોનો આમા સમાવેશ થાય છે અને અમે તે કરી રહયાં છીએ.

*● વલ્ર્ડ ફેડરેશનની નિગરાનીમાં મદ્રેસાઓમાં ચલાવાતા સીલેબસ બાબતમાં મુખ્ય કયા વિષયો તરફ તવજજો આપવામાં આવે છે ?*

- સીલેબસનાં બારામાં ઘણી ચર્ચાઓ કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો કે અગાઉનાં સમયમાં મદ્રેસાઓમાં જે શીખવવામાં આવતું. અખ્લાક, ફિકહ વગેરે અલગ-અલગ શીખવવામાં આવતાં તેના બદલે આ દરેક વિષયોની એકજ મદ્રેસાઓમાં શીખવવામાં આવે છે, તેનાથી બાળકોમાં ઈન્ટ્રેસ્ટીંગ કરાવવામાં આવે છે. ટોટલ બધાજ સબ્જેકટ એકજ લેશનમાં આવે છે અને તેનાથી બીજી પ્રગતિ એ થાય છે કે જે લેશન જે સબ્જેકટ તૈયાર કરે છે તેમાં બચ્ચાઓની જે દરેક જરૂરીયાત હોય તે દા. ત. સ્ક્રીન પીકચર, વિડિયો દ્વારા તેમજ સવાલ-જવાબ તથા બચ્ચાઓની અન્ય એકટીવીટીઝ હોય છે તેનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

● *મદ્રેસાઓમાં ટીચીંગ-તાલીમ આપતાં મુર્દરીસો-ટીચર્સ-મૌલાના કેટલા ક્વોલિફાઈડ હોવા જોઈએ ? તેઓએ બચ્ચાઓની તાલિમ-તરબિયત માટે કઈ બાબતે વધુ ફોકસ રાખવો જોઈએ ?*

- સૌથી પહેલા બે વસ્તુઓ હોય છે જે શીખવાડવું હોય, જેની તાલિમ આપવાની હોય તેની તાલિમ આપનારને પુરેપુરૂ નોલેજ-ઈલ્મ હોવું જોઈએ. એ જે શીખવાડે છે તે પોતે જાણતો હોવો જરૂરી છે. બીજી બાબત એ છે કે બચ્ચાઓને કેવી રીતે તાલિમ આપવી. તેની તેઓએ પણ પુરેપુરી ટ્રેનીંગ લીધેલી હોવી જોઈએ. હવે આ ટ્રેનીંગમાં જરૂરી એ પણ છે કે બચ્ચાઓની શીખવવાની જે રીત હોય તે તેઓને સમજીને શીખવાડે. દરેક બચ્ચાઓ એકસરખા નથી હોતાં દરેક બચ્ચાઓમાં કેચઅપ શક્તિ જુદી જુદી હોય છે, માટે તાલિમ આપનારે આ બાબતે ખાસ કાળજી લેવાની હોય છે.

● *શું આપને નથી લાગતું કે અહીં ચાલતા મદ્રેસાઓ પૈકી કેટલાક મદ્રેસાઓની હાલત વધુ નબળી છે ?*

- તમારી વાત સાવ સાચી છે, અહીંયા હાલત થોડી નબળી છે. પ્રથમ તો તાલિમ આપવાની જે રીત કે પદ્ધતિ કે સીસ્ટમ છે તે આજનાં જમાના પ્રમાણે નથી અને બીજુ કે અહીંના મદ્રેસાઓની પાસે સરખી ફેસેલીટી જ નથી. દા.ત. સ્કુલોમાં અલગ-અલગ બચ્ચાઓ માટે અલગ-અલગ કલાસીસ હોય છે, દા.ત. બ્લેક બોર્ડ, ડીઝોર્ડ, તેમજ જરૂરિયાત મુજબનાં વિવિધ પુસ્તકો હોય છે તેવું મદ્રેસાઓમાં હોતું નથી. આ રીતે મદ્રેસાઓમાં એકજ રૂમમાં ચાલતા હોય છે અને દરેક વયનાં બચ્ચાઓને સાથે શીખડાવવામાં આવતું હોય છે તે બહુજ કઠીન અને અઘરી બાબત કહેવાય. માટે વય અનુસાર બાળકો માટે અલગ અલગ કલાસ રૂમ હોય તે વધારે સારી બાબત કહેવાય.

● *મદ્રેસાઓનાં બચ્ચાઓને વધુ સારી તાઅલિમ-તરબિયત આપવા માટે કયા-કયા પગલાઓ ભરવાની જરૂરત છે ?*

- સૌથી પહેલા તો મદ્રેસાઓમાં અખ્લાકની તાઅલિમ આપવાની જરૂરત છે અને અખ્લાક માટે સૌ પ્રથમ ટીચરોએ જ તેનો રોલ મોડલ

બનવું જોઈએ, એટલે કે ટીચરો જ બાઅખ્લાક હોવા જોઈએ. બીજુ કે જે બાળકોને શીખવવામાં આવે છે તે બાળકોને સમય પ્રમાણે અને વય પ્રમાણે તાલીમ આપવી જોઈએ. ઘણી વખત ઘણી વસ્તુઓ એવી હોય છે કે બચ્ચાઓને તેની વય પ્રમાણે તાલીમ નથી અપાતી જેને વય પ્રમાણે તાલીમ આપવાની ખાસ જરૂરત હોય છે. ત્રીજુ જે દરેક જમાતો અને સંસ્થાઓની નીચે મદ્રેસાઓ ચાલતા હોય છે તે મદ્રેસાઓને ખાસ ઈમ્પોર્ટેડ આપવાની ખૂબજ જરૂરીયાત છે.

● *મદ્રેસાઓમાં બચ્ચાઓ-બાળકો નિયમિત-સમયસર આવવા પ્રેરાય તે માટે શું કરવું જોઈએ ?*

- તેના માટે મદ્રેસાઓનાં ટાઈમીંગ એવી રીતના ફિકસ હોવા જોઈએ કે જેથી દરેક વયનાં બાળકો હાજરી આપી શકે, કયારેક આપણે જોઈએ છીએ કે, સ્કૂલ અથવા ટયુશન અથવા એક-યા-બીજા કારણસર દરેક બાળકો મદ્રેસામાં હાજરી નથી આપતા માટે બહેતર છે કે એવો સમય ફિકસ કરવામાં આવે અથવા એવા દિવસોએ વાર મુજબ ફિકસ કરે કે તે સમયે દરેક બાળકો મદ્રેસામાં આવી શકે.

● *મદ્રેસાઓ બાબતે આપ વધુ શું કહેવા માંગો છો ?*

- મદ્રેસાઓનાં બારામાં કહુ તો મદ્રેસા બાબતે બહુ જરૂરી છે કે નાનપણથી જ આપણે બચ્ચાઓમાં દિની તાઅલિમ માટે એક પાયો મજબુત કરવાની, ફાઉન્ડેશન નાખી દેવાની બહુજ જરૂરી છે અને બાળકો જેમ મોટા થાય ત્યાં સુધી કે તેઓ યુનિવર્સિટીમાં જાય ત્યાં સુધી પણ તેઓમાં દિની તાઅલિમને કન્ટીન્યુ કરવાની જરૂરીયાત છે, તેમજ એક બાબત એ પણ છે કે મદ્રસાઓનાં સ્ટાર્ડડ (લેવલ) ઉપર લાવવાની આપણી બધાંની ફરજ થાય છે. આપણે અત્યારે જેટલું સ્કુલોમાં ધ્યાન આપીએ છીએ તેના કમ્પેરમાં મદ્રેસાઓમાં આટલું ધ્યાન નથી આપતાં મદ્રેસાઓ એક એવી જગ્યાઓમાં અને એવા માહોલમાં ચલાવવા જોઈએ જયાં બચ્ચાઓને આવવા માટેનો શોખ અને જઝબો પૈદા થાય.

● *વાંચકો માટે આપનો કોઈ મેસેજ ?*

- અહીં ઈન્ડીયા તો ઘણું મોટુ છે પરંતુ ગુજરાતમાં અમોએ આ

મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) પ્રોજેકટ શરૂ કર્યો છે જેમાં બધા મદ્રેસાઓનો આપણને સાથ મળશે. ગુજરાતમાં અમો આ કામ આશાનીથી કરી શકીશું તેવી અમને અપેક્ષા છે. મદ્રેસાઓને પણ કોઈપણ જાતની મદદની જરૂરીયાત હોય તો મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) મદદ કરવા માટે તૈયાર છે. માવિત્રોને ખાસ જરૂરી છે કે તેઓ તેઓના બચ્ચાઓને દિની તાઅલિમ અપાવવા માટે પુરેપુરી કોશીષ કરે. અંતમાં આશા છે કે, જયાં પણ મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) કામ કરી શકે તેમ હોય ત્યાં કામ કરી રહી છે અને કરશે તેમાં બધાયનો સાથ મળશે.

ગુજારીશ :- ‘બાગે ફિરદૌસ’ માસિકનું આપનું ચાલુ વર્ષનું તેમજ અગાઉનું બાકીનું લવાજમ તાકિદ મોકલી આપવા વિનંતી છે, તેમજ ડોનેશન મોકલી સાથ-સહકાર આપવા નમ્ર ગુજારીશ છે.


માહે રમઝાનુલ મુબારકમાં હ. રસુલે ખુદા (સ.અ.વ.) તથા તેમની પાક એહલેબૈત ઉપર દુરૂદ મોકલવાથી આઅમાલનું ત્રાજવું ભારી બને છે.

*With Best Compliment from : this page sponsor by :*

G. M. MEGHANI
H. G. MEGHANI

ISO : 30000

# INTERNATIONAL STEEL CORPORATION

(A SHIP RECYCLING UNIT)

| WORKS : | OFFICE : |
|---|---|
| PLOT NO. 21, | 255, MADHAV DARSHAN, |
| ALANG SHIP BREKING YARD, | WAGHAWADI ROAD, |
| P.O. MANAR - 364 150. | BHAVNAGAR-364 002 (INDIA) |
| DIST. BHAVNAGAR (INDIA) | PH. (91-278) 2424591, 2524407 |
| PH. (91-2842) 235311 | FAX : (91-278) 2429503 |

e-mail : iscshipad1@sancharnet. in

# અદભૂત ઈલ્મ

- જ. અકબરઅલી તેજાણી 'મુસવ્વીર' (પૂના)

**પયગમ્બરે ખુદા તથા મવલા અલી (અ.સ.)ની ઉંમરમાં ૩૦ વર્ષનો તફાવત હતો. તેમ છતાં જયારે હીજરત સમયે રસુલે અકરમ (સ.અ.વ.) આપની પાસેની અમાનત, અલ્લાહના વલીને હવાલે કરી કે યા અલી આ દરેક અમાનતને તેના અસલી માલિકને હવાલે કરી, પછીજ મદીના પ્રયાણ કરજો. પરંતુ આમ બોલતી વેળા, પયગમ્બર (સ.અ.વ.) કોની કોની અમાનતો છે તેઓના નામ સરનામા બોલ્યા ના હતા તેમજ ચીઠીઓ પણ આપી ન હતી.**

**અહીં એક પ્રશ્ન સ્વભાવિક રીતે એ ઉઠે છે કે, મવલા અલી (અ.સ.) પયદા થયા ના હતા તે સમયની કેટલીક અમાનતો પણ અલ્લાહના રસૂલ (સ.અ.વ.) પાસે પડી હતી અને તેથીજ તો આપની રીસાલત જાહેર થયા અગાઉ પણ પુરો આરબ સમાજ આપને અમીન તરીકે ઓળખી રહયો હતો. જયારે અલ્લાહના વલીએ ખાનએ કઅબા પાસે ઉભા રહી જાહેર કર્યુ કે દરેક પોતપોતાની, મારા ભાઈ પાસે રાખેલી અમાનત લઈ જાય ત્યારે ખોટા દાવેદાર પણ આવી શકતા હતા એમ સમજીને કે અલી તો જન્મ્યા પણ ન હતા એટલે તેમને ધોકો આપી શકાશે કે ખરો હકદાર કોણ છે ? પરંતુ વાહરે ઈલ્મે અલી, એક એક વ્યક્તિને પોતાના ઈલ્મે ગયબ વડે પારખી પારખીને અમાનત સોંપતા ગયા જેથી ભવિષ્યમાં રસૂલે ખુદા (સ.અ.વ.) પર કોઈ આંગળી ચીંધી ન શકે કે અમારી અમાનતો, અમને મળી જ નથી કે ખયાનત થઈ છે અને અલ્લાહના વલીએ કોઈ ભળતાને જ આપી દીધી છે.**

**આવા મહાન વલી અલ્લાહ, જેઓ અદભૂત અને અભૂતપૂર્વ આંતરિક ઉજાસ ધરાવતા હતા તેમને જો ખરા અંતઃકરણપૂર્વક ચાહવામાં આવે તો આપણી અંદર પણ આંતરિક ઉજાસવાળા અમલની ધગશ પયદા થવાની ઈ. અલ્લાહ. ફકત નારા દોહરાવવાથી અર્થ સરવો મુશ્કેલ છે.**

# છુપી કાયરતાથી જલ્દી છુટકારો મેળવવો...

-મીમ અલીફ (મુંબઈ)

હાલમાં જ વોટ્સએપ પર કોડીનાર-ગુજરાતથી સાદાત વેલ્ફેર સોસાયટીના લેટરપેડો પરના લખાણો ફરી રહયા છે. સખીદાતાઓની દોરવણી માટે પ્રકાશીત થયેલા આ લેટરપેડના લખાણોમાં સાચા-હકદારોને સહાય નથી મળતી તેવું દર્શાવવામાં આવેલ છે. જો સત્ય હોય તો આપણી કમનસીબી છે કે આપણે હ. અલી (અ.સ.)ને ચાહનારાઓ અન્યાય અને અત્યાચાર સામે આંખ આડા કાન કરી ફકત જોઈ-સાંભળી રહયા છીએ.

ગમે એટલા વસ્ત્રો સારા હોય પણ મન મલીન હોય એને ઓળખવું મુશ્કેલ છે ઈસ્લામ શરીરની સ્વચ્છતાની સાથો-સાથ મનની મલીનતાથી પાક-સાફ રહેવાનું કહે છે આજેય પણ તન, મન, ધનથી પાક-સાફ રહેલા ઈન્શાનો સમાજમાં કેટલા ?

ઈન્સાન એના વિચારોથી પરખાય છે તેના વિચારો-આચારમાં જેટલી પારદર્શકતા અને સચ્ચાઈ છે એટલી જ એની બાજુ ઉજળી અને ઉજજવલ છે હ. અલી (અ.સ.)ની હદીસ છે ને કે નેક બનવાની કૌશીશ એવી જ કરો જેવી રીતે ખુબસુરત બનવાની કોશીષ કરો છો.

દ્દષ્ટિ કરશો તો જાણવા મળશે કે ફકત કોડીનારમાં જ આવું નથી બહારના સખીદાતાઓને ગેર-માર્ગે દોરનારાઓથી ખુણે-ખુણો કયાં ખાલી છે..? સખીદાતાઓની ચાપલુસી કરીને પોતાની મનમાનીથી પોતાનો તેમજ પોતાના જ લાગતા વળગતાઓને લાભ કરનારાઓએ સાચા હકદારોને વંચિત રાખી સામાજીક અપરાધ કરે છે એવું માનનારા સભ્ય સમાજમાં કેટલા...? સખીદાતાએ આપેલી રકમોને સચા હકદારો સુધી પહોંચાડવાને બદલે ગેરવલ્લે કરનારા ખ્યાનતકારોને પડકારનારા અને લલકારનારઓ સમાજમાં આંગડીના વેઢે ગણાય એટલા જ...?

વિચાર તો કરો આજે આપણો સમાજ જાણે બધે બાજુના પ્રપંચોથી ઘેરાઈ ગયો છે અને સતાકિય કાવાદાવા તો ઈસ્લામી શરીયતોને છેદી

રહયા હોય એવું લાગે છે આશ્ચર્ય તો હજી એટલું જ કે આજેય બાજી એ લોકોના હાથોમાં છે જયાં અમુકો પોતાની દાનત બગાડી બેઠા છે કોઈ સત્તામાં... કોઈ હોદામાં તો કોઈ પોતાનો હોદો ટકાવી રાખવા પોતાના મનની મલીનતાને છાવરે છે અને એ આપણે જોઈ પણ રહયા છીએ...!

ઘમંડ હું અને ફસાદીયા મનના રોગીષ્ટો આપણી આસપાસ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. પારકા માલને પોતાનો કરી લેવાનો જાદુ જાણનારાના જોટા ના તોટા ન હોય એ સમાજમાં અમાનદારોએ સખીદાતાઓ એ ખરેખર વધુ સાવચેતી રાખવી જોઈએ.

જયારે સમાજ માટે પરિવર્તન લાવવાનું હોય તો તેની શરૂઆત આપણા મનના નાનકડા આંગણથી કરવાની હોય છે.

અસમાનતોમાં ખયાનત થઈ રહી છે અને જાહેરમં એની ચર્ચાઓ થઈ રહી છે અને એવી વાતોના સુરમાં સુર આપણે ફુંકીયે પણ છીએ છતાંય.. છતાંય કયાં આપણા ઝમીરમં રહેલા પાણી ઉછળે છે..?

હોવું તો એ જોઈએ કે છાતી કાઢીને આંખોથી આંખો મેળવીને સચ્ચાઈને બહાર લાવવામાં આપણી કુવ્વતને આપણા ખમીરને ખંતથી અને ખેલદીલીથી કાર્યવત કરવી જોઈએ પણ કયાં કરીએ છીએ...? છુપી કાયરતાથી જલ્દી છુટકારો મેળવવો જોઈએ અને જો આવી છુપી કાયરતા આપણને હજીયે ન કણસતી હોય તો એથી વિશેષ આપણી નબળાઈ બીજી કઈ હોઈ શકે..?

રસુલે ખુદા (સ.અ.) ફરમાવે છે કે મારો શીયા એ છે જે અમારી પૈરવી કરે અમારા નકસે કદમ ચાલે અને અમારા કિરદારને અપનાવે.

કોઈએ કહયું છે ને કે ઈન્શાનની મહાનતા ધન-સંપત્તિમાં નહીં પણ સૌના હિતના મુનવ્વર કાર્ય કરવામાં છુપાયેલી છે.

આપણી પાસે કંઈ ન હોવાની તકલીફ કરતા કોઈ ન હોવાની તકલીફ વધારે કરૂણાજનક સ્થિતિમાં મુકી દે છે બસ... હવે આપણે પણ કોઈ ન હોવાની પરિસ્થિતિને નિર્માણ તો ન જ કરીએ.

***This Page is donated by a* WELL WISHER**

# ''હક તે હક છે. સંજોગ પ્રમાણે હકતઆલા હક બૂલન્દ કરે છે જ''

સંકલનકર્તા : ગુલામે શબ્બીર (દમણ)

કિતાબ કિફાયતુલ મોમિનમાં ઈબ્ને અબ્બાસના હવાલાથી લખ્યું છે કે હઝરતેઉમરબિન ખત્તાબના જમાનામાં આઝર બયજાન ઈલાકામાં એક માણસ પાસે એક ઊંટ હતું. ભાડે આપીને તે પોતાનો નિર્વાહ કરતો હતો. એક દિવસે નકીલ (ખૂટી) તોડીને જંગલમાં જતું રહયું. એણે શોધ્યું પણ જડયું નહીં. કોઈએ એને કહયું કે રસૂલે ખુદા (સ.અ.વ.)ના જમાનામાં આવી મુશ્કેલી વખતે લોકો એમને જઈને અરજ કરતા હતા અને હક તઆલા એમની દુઆથી મુશ્કેલીનો અંત આણતો હતો. જો કે હવે રસૂલે ખુદા (સ.અ.વ.) આ દુનિયામાં નથી પણ એમના નાયબ (હ. ઉમર ર.અ.) છે. એમની પાસે જવું જોઈએ સાયદ એમની દુઆથી તે ઊંટ કાબુમાં આવી જાય. ઊંટવાળાએ મદીના જઈને બીજા ખલીફા હ. ઉમર (ર.અ.)ની ખિદમતમાં ફરિયાદ કરી. એમણે કહયું, ''તારો ઘ્યેય પ્રાપ્ત કરવા તારે ઈસ્તિગફાર'' કરવો જોઈએ જેથી તારી મુરાદ પુરી થઈ જાય. એણે કહયું. ''હે અમીર મેં ઘણી વખત ઈસ્તિગફાર કર્યો પણ કોઈ કામ થયું નહીં. એમણે કહયું કંઈ વાંધો નહીં. હ. ઉંમર (ર.અ.) કહયૂં હું તને એક પત્ર લખી આપું છું થોડી હિમ્મત કરીને એ ઊંટની સામે નાખી દેજે. તારી ઈચ્છા પૂરી જઈ જશે. એમણે (હ. ઉમર ર.અ.) આ પ્રમાણે પત્ર લખી આપ્યો.''

''એ જીન્નાતો અને શયતાનોના ટોળાઓને કહેવાનું કે આ પત્ર અમીરૂલ મોમિનીન તરફથી તમારા નામે છે. તમે પેલા 'ના' ફરમાન ઊંટને તાબે કરો. આ ઉમરના હુકમથી ડરો.'' એ માણસે આ પત્રને પોતાના બળતા દિલનું તાવીઝ માન્યુ અને આઝર બયજાનથી ત્યાં રવાના થયો. રિવાયત કરનાર કહે છેકે મેં આ વાત અમીરુલ મોમિનીન હઝરતે અલીને (અ.સ.) કરી એમને ફરમાવ્યું ''નબીના મોઅજીઝા પ્રમાણે કરામત થતી નથી પણ વસીથી'' હું ખૂબ આતુર હતો કે આઝરબાયજાનથી કોઈ આવે તો તે ખબર પડે કે પેલા ઊંટવાળાનું શું થયું.`ક દિવસે પેલા જ ઉંટવાલા માણસને આવતો જોયો. મે એને પુછયું (ઈબ્ને અબ્બાસે પૂછયું) ''શું થયું પછી.'' એણે કહયૂં ''મે હ. ઉમર (ર.અ.) મેં આપેલો પત્ર પેલા ઊંટની સામે ફેંકયો એણે મારી ઉપર હુમલો કર્યો હું જમીન ઉપર પછડાયો મારા ભાઈ અને બીજા કેટલાક લોકોની

મદદથી મહાપરાણે મને ઉંટથી છોડાવ્યો. ત્યારબાદ હું લાંબા સમય સુધી બીમાર રહયો. મારા ચહેરા ઉપર જખ્મ પણ એ જ સમયનો છે હું થોડો તંદુરસ્ત થયો તો મને થયું કે લાવ, ઉંમર (ર.અ.) પાસે જઈને મારી હાલ કહુ તો ખરો કે હવે મારા બાળ બચ્ચાની રોઝિની કંઈ વ્યવસ્થા કરો. એ થોડા કદમ આગળ વધ્યો શરઈ અદાલત તરફ જતો હતો હું પણ એની સાથે ગયો. ઉંમર (ર.અ.) એની વાત સાંભળીને કહયું ''હક તઆલાએ પ્રત્યેક કામને પાર પાડવા કોઈ એક ખાસ વ્યકિતને પેદા કરી છે. ઈબ્ને અબ્બાસ (ર.અ.) તમે આ માણસને અલી બિન અલી તાલિબ પાસે લઈ જાવ' અને એની તમામ વિગત હ. અલી (અ.સ.)ને કહો જયારે ઉંટવાળો શખ્સ હ. અલી (અ.સ.) પાસે પહોંચે એ પહેલા પેલા ઊંટવાળાને આવતો જોઈને હઝરત અલી (અ.સ.) હસી પડયા અને કહયું તારૂ ઊંટ છે ત્યાં જઈને આ દુઆ પઢ. (મૂળ કિતાબમાં અરબી ભાષામાં દુઆ લખી છે અહીંયા દુઆનો તરજુમો લખ્યો છે. જે કિતાબમાં લખ્યો છે એ પ્રમાણે રજુ કર્યો છે.) (સંકતનકર્તા).

હ. અલી (અ.સ.)એ બતાવેલ અરબી દુઆનો તરજુમો :- ''હે પરવરદિગાર હું તારા રહમતના નબી (સ.અ.વ.) ની તેમજ જેમને તે આખા વિશ્વ કરતાં વધારે પસંદ કર્યા છે. એવા એહલે બયતના વાસ્તાથી તારી તરફ રજૂ થાઉં છું. મારી મુસીબતોને આસાન કર, તુ કાફી/પુરતો છે અને સૌને વશ કરનાર છે''.

એ માણસ આ દુઆ યાદ કરીને આઝરબાયજાન જતો રહયો. બીજા વર્ષે જોયું કે પેલો માણસ એ જ ઊંટને લઈને હજ કરવા આવ્યો છે અને શાહે વિલાયત પનાહ હ. અલી (અ.સ.) માટે ભેટ સોગાદ લાવ્યો છે. હઝરતે અલીએ (અ.સ.) કહયું ''શું બન્યું એનું વર્ણન તું કરે છે કે પછી હું જ કરું ?'' એણે કહયું ''અમીરુલ મોમિનીન તમે જ કહો ને'' મૌલા અલી (અ.સ.) મે ફરમાવ્યું ''ઊંટ ઉપર તારી નજર પડતાં જ તે એ દુઆ પઢી દુઆ પઢતાની સાથેજ ઊંટ અત્યંત ડાહયું ડમરુ થઈને તારી પાસે આવીને બેસી ગયું.'' પેલા માણસે કહયું 'ખુદાની કસમ મૌલા બરાબર એમ જ બન્યું હતું.'' ત્યાર બાદ તે પ્રત્યેક વર્ષે હજ માટે આવતો હતો એ ઊંટની આવકથી એને ખૂબ નફો થયો એ માણસ માલદાર થઈ ગયો.

હવે હઝરતે અલી (અ.સ.)એ મને સંબોધીને કહયું કે 'હે અબ્દુલ્લાહ કોઈ મુશ્કેલી આવી પડે, માલ નુકસાન થાય, બાળ બચ્ચાં બીમાર હોય

તો એવા સમયે જે માણસ આજીજીથી રબ્બુલ ઈઝઝત સામે આ દુઆ પઢશે, એની હાજત પૂરી થશે.

સંકલનકર્તાનું નમ્ર નિવેદન :- જે મોમીન ભાઈ-બહેનો આ મનકબતમાં જે મૌલાઅલી (અ.સ.) એ ઉંટવાલાને દુઆ પઢવા બાદ દર્શાવી છે તે દુઆ અલ્લાહપાકની બારગાહમાં આજીજી સાથે દુઆ પઢતા પહેલા બિસ્મીલ્લાહ હિર્રહમાનીર્રહીમ પઢી તે બાઅદ ૧૪ વખત દરૂદશરીફ પઢવું. દુઆ પઢયા પછી ફરીથી ફરી પાછુ ૧૪ વખત દુરૂદ (સલવાત) શરીફ પઢવું તો ઈન્શાઅલ્લાહ ૧૪ માઅસુમીન (અ.સ.)ના બરકતથી જરૂર-જરૂર તમારી દુઆ કબૂલ થશે જ.

(ઉતારો-સુન્નત વલજમાઅતની મશહુર કિતાબ કૌકબે દુર્રી, મનાકબે મુરતઝવી)
(બાબ નં.-૫ મનકબત નં. ૩૭ પાના નં. ૩૫૧-૩૫૨.)

## ALI SE DISCONNECTION

NAARE DOZAKH KA WO INDHAN HOGAYA
JO ALI SE DISCONNECTION HO GAYAA

TEEN STATION CHALI YAARO KI RAIL
BAAD ISKE FAIL ENGINE HO GAYA

EK DO GAR MAR GAYA KHUD APNI MOWT
BAAKI DO KA OPERATION HO GAYA

KAABE KI DEEWAR SARKI DARR BANAA
FATEMA KA ADMISSION HO GAYA

KAABA HAI MARYAM ZACHAKHANA NAHI
LOWT JAAWO RESTRICTION HO GAYA

MUSTAFA MANKUTO MAWLA KEH UTTHE
HAAJIO KA JAB CONNECTION HO GAYA

HAATH MAL KAR REHGAYE EHLE HAWAS
MURTAZA KA NOMINATION HOGAYA

DEEN TOU KYA USKI DUNYA BHI GAYI
JISKE DIL ME PARTION HO GAYA

JISNE KHUMME PEE MAYE HUBBE ALI
USKA KAWTHERSE CONNECTION HOGAYA

# તાલિબાન ઔર મુસલમાન

પેશકશ : પીરે તરીકત સૈયદ સલાહુદીન હૈદર કાદરી હામઝિલ્લહુલઆલી ખાને કાહે પંજેતની (જેતપુર)

મોકલનાર : અલીફ લામ. જલાલી (ધંધુકા)

(૧) સદા બીજ ન ફરતકે બોતા હૈ તુ
મુસલમાન ભી ખુદકો કહેતા હૈ તુ
કભી આઈનેમેં યે સુરત તો દેખ
જો હુરોંકે ચકકરમેં રહેતા હૈ તું

(૨) હૈ સારેહી ઈન્સાઁ સતાએ તેરે
વોહ કયા ગૈર, અપને, પરાયે તેરે
યે દિન-રાત ફતવે જો દેતા હૈ તું
નહીં કોઈ મુસ્લીમ સિવાએ તેરે ??

(૩) યે ખુદકશ ધમાકે જો કરતા હૈ તું
લહુદ અપની શોલોંસે ભરતા હૈ તું
તું હૈ ભેડકી ખાલમેં ભેડિયા
સિતમ બેગુનાહો પે કરતા હૈ તું

(૪) બતાઉં તુઝે મૈં મુસલમાઁ હૈ કૌન
મલક કૌન હૈ ઔર હૈ શૈતાન કૌન
બઝાહિર હૈ ઈન્સાઁ સભી પર યહાઁ
બશર કૌન ઈનમેં હૈ હૈવાન કૌન

(૫) જો ઈન્સાઁમેં તફરીક કરતા ન હો
હો ગર કોઈ ભુખા ખિલાતા હૈ જો
યતીમોં કા જો માલ ખાતા ન હો
જો ભુલે સે ભી દિલ દુઃખાતા ન હો.

(૬) જો સાબિર ભી હો ઔર શાકિર ભી હો
જો દુશ્મન પે ભી ઝુલ્મ ઢાતા ન હો
કરે પ્યાર ઐસે વો મખ્લુકસે
કે આશીક કરે જૈસે માશુક સે

(૭) કિસીકો ઝરા જો અઝીય્યત ન દે
હો બેઝારે અસ્લહુસે ઔર બંદુક સે
કલંકકા હૈ ધબ્બા તું ઈસ્લામ પર
ખુદા કી પનાહ માંગે હર બા અમલ

કુરઆને શરીફ એક મુકદ્દસ કિતાબ છે એટલું જ નહિ, પણ વિશ્વાસ રાખનારાઓ માટે કુરઆન શરીફની તિલાવતમાં રસ, કુરઆન શરીફનાં વાંચનમાં બોધ અને શિખામણ, કુરઆન શરીફની આજ્ઞાઓમાં (હુકમ)માં મોક્ષ (નજાત) છે. ખુદ કુરઆન શરીફના શબ્દોમાં તેમાં દરેક ખુશ્ક અને તર (લીલી અને સૂકી) વાતો સમાયેલ છે. એટલે કુરઆન શરીફમાં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની દરેક બાબત મળી આવશે. કુરઆન શરીફની તિલાવતમાં ભરપૂર સવાબ છે એટલું જ નહિ પણ કુરઆન શરીફમાં આજીવન જીવવા માટે સંપૂર્ણ માર્ગદર્શન છે અને ઝિંદગીના બધા રોગોનો ઈલાજ છે. એટલે અહીં અમો કુરઆન શરીફના સુરાઓની માઅસુમીન (અ.સ.)ની હદીસો મુજબ ફઝીલત પ્રસ્તુત કરીએ છીએ.

- સંપાદક

## સુરએ મુમતહેના

૧. ઈબ્ને બાબવયહે પોતાના પ્રમાણો સાથે લખ્યું છે કે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું : જો કોઈ શખ્સ સુરએ મુમતહેનાની તિલાવત પોતાની વાજિબ અને સુન્નત નમાઝોમાં કરતો રહે તો અલ્લાહ તઆલા તેના દિલને ઈમાન માટે ચુંટી લેશે અને તેની આંખોને સમજ દ્રષ્ટિથી રોશન અને પ્રકાશમાન કરી દેશે અને સુરે મુમતહેનાની તિલાવત કરવાવાળો અને તેની અવલાદ કદી કંગાલિયત અને તંગદસ્તીથી લાચાર નહીં થાય અને ને તેને કદી ગાંડપણ કે માનસિક રોગ થશે.

૨. કિતાબ ખવાસુલ કુરઆનમાં છે કે, નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું : જો કોઈ શખ્સ સુરએ મુમતહેનાની તિલાવત કરે તો ફરિશ્તા તેની સલામતી ચાહે છે અને તેના માટે ઈસ્તેગ્ફાર કરે છે અને જો તે શખ્સ એ જ રાતે અથવા એ દિવસે જયારે તેણે સુરએ મુમતહેના તિલાવત કરી હોય, મરી જાય તો શહીદ મરશે અને મોઅમિનો કયામતના દિવસે તેની ભલામણ અને શફાઅતની ઈચ્છા રાખશે.

અને જો કોઈ શખ્સ સુરએ મુમતહેનાને લખે અને પછી તેને પી લ્યે અને આ અમલ નિરંતર ત્રણ દિવસ કરે તો તેને તિલ્લીની કોઈ બીમારી નહીં રહે, જો તિલ્લી વધી ગઈ હોય અથવા તેમાં દુઃખાવો

થતો હોય તો બધું ઠીક થઈ જશે અને ખુદાના હુકમથી તે જીવનભર સ્વસ્થ રહેશે.

૩. રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું : જો કોઈ શખ્સ સુરએ મુમતહેનાની તિલાવત કરે છે તો ફરિશ્તા તેના પર સલામતી મોકલે છે અને તેના માટે મગફેરતની દૂઆ કરે છે અને જો તે શખ્સ એ જ દિવસ યા એ જ રાત્રે મરણ પામે તો તે શહીદ મરશે અને કયામતના દિવસે મોઅમિનો અને મોઅમિના સ્ત્રીઓ તેની ભલામણ અને શફાઅત માટે તૈયાર થશે.

૪. ઈમામ જઅફર સાદિક (અ.સ.)એ ફરમાવ્યું : જો કોઈ શખ્સ તીલ્લીની બીમારીમાં પિડાતો હોય અને તેનાથી ઘણો ચિંતાતુર હોય અને તે સુરએ મુમતહેનાને નિરંતર ત્રણ દિવસ સુધી લખે અને પીવે તો અલ્લાહ તઆલાના હુકમથી તે તીલ્લીના રોગથી મુક્તિ પામશે અને તદ્દન ઠીક થઈ જશે.


*With Best Compliment from : this page sponsor by :*

# MILAN

***GINNING & PRESSING PVT. LTD.***

***cotton Merchant and Commission Agent***

***Nr. 440, Sub Station, At Untadi, LIMBDI - 363421 Dist. Surendranagar.***

***Ph. : 02753-262786, Fax : 02753-260843***
***E-mail : bharatmillingco@yahoo.co.in***

# આજકલ

- અલિફ લામ. જલાલી (ધંધુકા)

ઝખ્મોંસે ચૂર પયકરે આલમ હૈ આજકલ
શોલા મિઝાજ કતરએ શબનમ હૈ આજકલ
ગુમરાહીયોમેં આકાકી ઉમ્મત હૈ આજકલ
ઈન્સાનિયતકા શર્મ સે સર ખમ હૈ આજકલ
તહઝીબે ઝિંદકી કા જનાઝા હૈ દોશ પર
ગુલ હો ગયે ચિરાગ અંધેરા હૈ હોશ પર

●●●

બેરંગ ઝિંદગી કા સલીકા હૈ આજકલ
ફૂલોંસે સહેમા સહમા હદીકા  હૈ આજકલ
દુશ્મન હમારા આજ દકીકાં હૈ આજકલ
ઝુલ્મ વ જફા હસીન તરીકા હૈ આજકલ
ફિરકા પરસ્તિયોંકી ઝુબાને દશાર્ઝ હૈ
બેં બાલો-પર હૈ ફિરભી ઉડીને દશાઝ હૈ

●●●

ગરદિશમેં હૈ ઝમાનેકી તકદીર આજકલ
ગરદનમેં હૈ નિફાકકી ઝંજીર આજકલ
હોતી હૈ ઉલ્ટી ખ્વાબકી તાબીર આજકલ
નફરતકે બીજ બોતી હૈ તહરીર આજકલ
દૌલત-પસંદ લોગ કલમ બેચને લગે
ઈતને ગિરે કિ દહરો-હરમ બેચને લગે

●●●

સુનતા નહીં હૈ કોઈ ભી ફરિયાદ આજકલ
કૈદે અલમસે કૌન હૈ આઝાદ આજકલ
મિલતી નહીં ગરીબોં કો ઈમદાદ આજકલ
હૈ હર કદમ પે એક નઈ ઉફતાદ આજકલ
સૂખી ઝુબાન ખુશ્ક ગલા હૈ હયાતકા
આઁખે તલાશ કરતી હૈ રસ્તા નજાતકા

અચ્છે નહીં હૈ કિસીકે ભી હાલાત આજકલ
મજરૂ હૈ હોતે રહતે હૈ જઝબાત આજકલ
ઈસતરહસે ગુઝરતે હૈ દિન-રાત આજકલ
હોતી હૈ બસ ગમોંસે મુલાકાત આજકલ
તંગ આ ચુકે હૈ કરમ કરો રોઝગારસે
ચેહરે અટે હૈ વકત કે ગર્દોગુબાર સે

●●●

અખ્લાક કા બદલ ગયા મેઅયાર આજકલ
હર ઘરમેં હૈ નિફાકકી દિવાર આજકલ
મુમકિન નહીં હૈ જુરઅતે-ઈઝહાર આજકલ
કજફહુમ હો ગયે હૈ સમઝદાર આજકલ
કોઈભી રોક-ટોક નહીં હૈ જુનુન પર
ગાલિબ જુનૂન હો ગયા અકલો શુઉર પર

●●●

ખામોશ ઝિંદગી કે સહારે હૈ આજકલ
બે-નૂર રૌશનીકે મનારે હૈ આજકલ
ગરદિશમેં આદમીકે સિતારે હૈ આજકલ
દુનિયા કે જિતને ગમ હૈ હમારે હૈ આજકલ
બઢને લગે હૈ હાથ બહતુ હાદિસાતકે
કસતે હી જા રહે હૈ સિકંજે હયાતકે

●●●

હર ગામ પર ફરેબ મુસલસલ હૈ આજકલ
બે-ફયઝ ઝિંદગી કા હર એક પલ હૈ આજકલ
કદમોં કે નીચે ખૂન કા જલ-થલ હૈ આજકલ
હર ઘરમેં ઈફતેરાકકા મકતલ હૈ આજકલ
ડોલર કી આરઝુને અજબ દિલ બના દિયા
ભાઈકો અપને ભાઈ કા કાતિલ બના દિયા

●●●

હૈ દોસ્તી ફરેબકી પહચાન આજકલ
તારિકિયોંમેં ખો ગયા ઈન્સાન આજકલ
ઈલ્મો-અદબકી ગોદ હૈ વીરાન આજકલ
હર મદરસા અમલકા હૈ સુનસાન આજકલ
દુનિયા-એ-બે સબાતમેં જમ્મેગ્રફીર હૈ
જૈસા બદનમેં ખૂન હૈ વૈસા ખમીર હૈ

●●●

હૈ ઈન્કિલાબે વકતકી તસ્વીર આદમી
બિગડી હુઈ હયાતકી તકદીર આદમી
ખ્વાબોંકી ધુંધલી ધુંધલી સી તઅબીર આદમી
કરતા નહીં હૈ જીનેકી તદબીર આદમી
મંઝિલકે પાસ બૈઠકે મંઝિલ સે દૂર હૈ
ચેહરે સે લગ રહા હૈ અજલકા ઝૂહુર હૈ

●●●

હૈ આદમીસે બર સરે પયકાર આદમી
રખ્ખે હુએ ગલે પે હૈ તલ્વાર આદમી
ખુદ અપની અંજુમનસે હૈ બેઝાર આદમી
મૈલા કિયે હૈ દામને કિરદાર આદમી
રાહોંમે જબ કભી ભી ગુઝરતા હૈ પાસસે
ધોખે પે ધોખા દેતા હૈ ઉજલ લિબાસ સે

●●●

દુનિયામેં ઈન્તેશારકા સામન આદમી
મરરો-ફરેબો ઝુલ્મકી પહચાન આદમી
કરતા હૈ આદમીકો પરેશાન આદમી
ફિતને નયે ઉઠાતા હૈ હર આન આદમી
ઝુલ્મો-સિતમકે કર્બ પ બલામેં હૈ ઝિંદગી
અલ્લાહસે દુઆ હૈ બચાલે યે ઝિંદગી

●●●

# THE LIFE STORY AND MARTYRDOM OF AND HAZRATE FATEMEH ZEHRA (A.S.)

## (CHEPTER-10) THE HOUSE OF DOOM

- By : Farid Mohamadi

**Fatemeh used to cry a lot because of her longing for her father... She cried night and day. She was restless and full of sorrow. Finally, some foolish and unthoughtful persons came to see Ali, And began to complain about Fatemeh's crying. They told him that either Fatemeh should mourn her father by nightfall, and remain silent by morning, or mourn by morning, and remain silent by nightfall.**

**They said that they couldn't bear her mornings any longer, and that Ali should find a way to keep her quiet. On hearing this, Fatemeh got used to take the little hands of her two sons, and go at the end of the "Baghi " graveyard, under a thorny shrub, to be able to mourn properly her beloved father and cry at her will. Her wailing were so strong and pitiful, that every caravan that passed from Medina, on hearing these sobbing and wailings, paused for a few minutes to think about this strange, unending sorrow...**

**Finally by nightfall, the enemies uprooted the said shrub, so that Fatemeh could not even go there anymore. But Ali, put a sort of a tent there by the name of " The House of doom "[Beytol Ahzan] for the sake of the Prophet's daughter, so as to show their enemies, their untamable independence, and their infinite free-**

dom of mind, which were the characteristics of the Household of Hazrate Ali Ibn Abi Taleb and his wife Fatemeh.

Faitemeh because of her daily mourning and sufferings which she had received from their enemies was becoming weak and weaker every day. At last she became ill...

Ali became the only person who took care of her during her illness. Another person was a woman by the name of Asma Bent Omeyss. At last, the news of her illness reached the ears of the citizens of Medina.

A multitude of Muslim women came to see her, and to help her recuperate her lost health. But their number was so great, that they couldn't enter her house; so, many of them remained in the outside. The house of Fatemeh was so simple and poor, and her personality was so sweet and humble, so great in her magnitude and glory, that everybody grew silent and nobody could utter a word in her presence...

Finally, Fatemeh in answer to a lady, began to talk and say very important things to all of them. While she was talking, she admitted that:" My state of mind is such, that I verily love no more the earthly world, and I despise your men... I tried to examine and test their mentality and their readiness to come to my aid, but the sad result was that I grew very unsatisfied and very upset by their reaction... so, I left them be with their way of behavior and thinking."

The reaction of Fatemeh’s complaint on her illbed, produced a spiritual awakening on Ansari women; so much so that the enemies of Ali were forced to go and negotiate with him, to silence this rebellion. They found a way : could they come and pay a visit to Fatemeh?...

But not only their visit to Fatemeh, did not improve the situation, but it also worsened their case, and made them more hateful and mean and petty in front of the others...

Unfortunatelti-, the health of Fatemeh went away slowly and each passing day, she grew worse... Finally, in the last day of her very short life, in midday, she went to a deep sleep. In her dream, she saw her beloved father who told her that on that very same night, she would come to meet him at last...

Fatemeh, woke up and decided to prepare herself for her deathbed; she washed her body, put on a neat dress and then lied down to the direction of the Qibla. She then put her fragile, innocent and pure hands on her bosom.

After that, Fatemeh told Ali about her beatific vision, and gave him her last directions, and made her testament.

She said: “In the Name of God, The Most Merciful, The Most Compassionate! This is the testament of Fatemeh, the Prophet’s daughter. I attest that there is no God, but He, and Mohammad is His last Messenger. Heaven and Hell exist truly, and the Resurrection will be accomplished, and nobody should doubt this un-

deniable truth. For God will truly resurrect all who have slept in their grave... O Ali! I am Fatemeh, daughter of Mohammad.

God has made me your wife, so that not only in this world, but also in the Hereafter, I will be vour faithful companion, and be always at your side my noble husband...

You were more dignified and worthier than all, to become my husband.

O Ali! After my death... and after some time has elapsed, make a prayer for my sake, and then put me on earth, so that nobody learns of this news, and nobody finds out the whereabouts of my grave! I entrusted thee to God, and till the Resurrection Day, I tell thee my farewell and my good wishes : to thee and to my beloved children...!

After that, only a few seconds had passed, when Fatemeh looked at the corner of the room in which she was lying down, and said joyfully "I salute thee, 0 Gabriel! I salute thee, 0 Messenger of God!"

And then, her eyes were shut, and her soul flew up lightly to Heaven... (To be Conti...)


*With Best Compliment from...*

**PANJETANI JAFARI CALENDAR**

***ALI DECORATORS***

*MANDAP DECORATORS & LIGHT DECORATOR*
*SHOP NO. 14, RNA SHOPPING, LOKHANDWALA, ANDHERI (W) MUMBAI-53.*
*M. ALI JAFRI - Mo. 9323730719 Tel. : 26347450 Fax : 26366892*

# કુરઆન અને એહલેબૈત અલય્હેમુસ્સલામ

- જ. શબ્બીરઅલી એ. બદામી (ભાવનગર)

કુરઆને કરીમ એ દુનિયાના સર્જનહાર અલ્લાહે પોતાના પ્યારા હબીબ રસૂલે કરીમ ઉપર ઉતારેલ ઈસ્લામી તાલીમાતની મહત્વની કિતાબ છે જે હાલ અરબી ભાષામાં લખાયેલ છે જે ૩૦ પારા અને ૧૧૪ સુરાઓ રૂપી લખાએલ છે. જે આપની હયાતે પાકના ૨૩ વર્ષમાં સમય, સંજોગોને આધીન જીબ્રઈલે અમીન દ્વારા વહીથી નાઝીલ થયેલ (ઉતારવામાં આવેલ) છે. આથી જ જયારે કુરઆનને સમજવું હોય ત્યારે તેની આયતો કયા કયા મૌકા ઉપર થયેલ છે. કયા સંજોગોમાં ઉતરેલ છે તેને ધ્યાનમાં રાખીને જ સમજી શકાય છે. આ આયતો ઘરમાં, મસ્જિદમાં, મેદાનોમાં, જંગમાં, રસ્તામાં, પહાડો પર, રાત્રીના-દિવસનાં વગેરે વગેરે સ્થળે અને સમયે ઉતારેલ છે. વળી આ કુરઆનનો દાવો છે કે તેમાં હર ખુશ્કોતર મૌજુદ છે. (રે. પા. ૭, સુ. નં. ૬, આયત નં. ૫૯) યાને તેમાં દુન્વયી તમામ વસ્તુનું ઈલ્મ મૌજુદ છે એટલે કે તેની આયતોનો જાહેરી તરજુમો કંઈક છે અને તેના કહેવાનો મતલબ કંઈક જુદો છે. આથી જ આયતનો જાહેરી અર્થ તેનું ગ્રામર જાણનાર વ્યક્તિ કરી શકે છે પણ તેનો બાતીન મતલબ/અર્થ શો છે તેને તે વ્યકિત સમજાવી શકતો નથી. આવી આયતોની બાતીની અર્થ સમજવા માટે તો ફકત રસૂલ કે અલ્લાહે જેઓને આ બારાનું ઈલ્મ દઈને મોકલ્યા છે તેઓ જ આપણને સમજાવી શકે છે. માટે જ કુરઆને ફરમાવ્યું છે કે જે તમો જાણતા નથી તો એહલેઝિક્રને પુછો (રે. સૂ. નહલ, પારો ૧૪, સુરા નં. ૧૬ આ. ૪૩) ઝિક્ર યાને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે. તો આ કુરઆનને ખરેખર તેના ઈશારાને સમજવા માટે રસૂલ યા તેમની પાક એહલેબૈત અલય્હેમુસ્સલામની જરૂર પડશે. આથી જ આપે આપની આખરી ખુત્બામાં ગદીરે ખુમના મૈદાનમાં (મકકામાં છે) આ હદીસ ફરમાવેલ છે કે હું તમારી દરમ્યાન બે વજની ચીજો છોડીને જઈ રહયો છું જેમાંની એક કુરઆને મજીદ છે અને બીજી મારી એહલેબૈત અલય્હેમુસ્સલામ છે. જયાં સુધી તે બન્નેને વળગી રહેશો તો હરગીઝ હરગીઝ ગુમરાહ થશો નહીં અને તે બન્ને કદી જુદા નહીં થાય. જયાં સુધી

કે રોઝે મહેશર હૌઝે કવસર પર આવીને મને મળે. આ હદીસ આપણને ઘણુ બધું કહી જાય છે. એક તો એ કે જયાં સુધી કુરઆન છે ત્યાં સુધી આ એહલેબૈતની ફર્દ (વ્યકિત) કોઈને કોઈ મૌજૂદ રહેશે. બીજું જેવી રીતે કુરઆન અલ્લાહ તરફથી આવ્યું છે તેવી રીતે આ એહલેબૈત અલય્હેમુસ્સલામ પણ અલ્લાહ તરફથી આવેલ છે. જેવી રીતે કુરઆન ગુમરાહીથી નજાત/છુટકારો અપાવેછે તેવી રીતે એહલેબૈત અલય્હેમુસ્સલામ પણ ગુમરાહીથી નજાત અપાવે છે, જેવી રીતે કુરઆન મુત્તકીઓ માટે જ હિદાયત છે તેવી રીતે આ એહલેબૈત અલય્હેમુસ્સલામ પણ ફકત મુત્તકીઓના જ રાહબર છે. જેવી રીતે કુરઆનથી નજાસત દૂર છે તેવી રીતે એહલેબૈત અલય્હેમુસ્સલામથી પણ દરેક રીજસ (નજાસત) દૂર છે. જેવી રીતે કુરઆનમાં દરેક ઈલ્મ મૌજુદ છે તેવી રીતે આ એહલેબૈત અલય્હેમુસ્સલામમાં પણ દરેક પ્રકારનું ઈલ્મ મૌજૂદ છે. આથી જ હ. અલી અલય્હિસ્સલામે મસ્જિદે કુફામાં કહયું હતું કે પૂછો, પૂછો, મને જે પૂછવું હોય તે એ પહેલા કે તમો મને ખોઈ બેસો. વળી હ. ઈમામ હુસૈન અલય્હિસ્સલામના કપાયેલા સરે કૂફા અને શામના રસ્તામાં કુરઆને પાકની તિલાવત કરીને લોકોને બતાવ્યું હતું કે જે મારા નાનાએ કહયું હતું કે આ બન્ને કદી જુદા નહીં થાય કે જયાં સુધી મહેશરમાં મને હૌઝે કવસર પર મળે. તે હસ્તિઓ યાને નબુવ્વતના એહલેબૈત અમે જ છીએ. આમ એહલેબૈતે નબુવ્વત કોણ છે ? તેઓનો મરતબો શું છે ? તે નબીએ પોતાના ખુત્બાઓમાં અને પોતાની ઉપર સવાર કરીને, હાથો ઉપર ઉઠાવીને, સજદાને તુલ દઈને (લંબાવીને) અને આયતે તત્હીર નાઝિલ થયા પછી જયાં સુધી આપ દુનિયમાં રહયાં ત્યાં સુધી દરેક નમાઝ વખતે આપના ઘરે આવીને એ એહલેબૈતે નબુવ્વત આપની ઉપર મારા સલામ કહીને મુસલમાનોમાં પહેચાનવાયા. તો વળી કુરઆને (યાને અલ્લહે) તેમની સાથેની મવદ્દતને અજરે રિસાલવતે કહયું છે. તેમની શાનમાં સૂરએ દહર (પારો ૨૯) નાઝિલ થયો, આયતે વિલાયત, આયતે તત્હીર, આયતે મુબાહેલા વગેરે વગેરે ઘણી આયતો આપની શાનમાં નાઝિલ થઈ છે. ખુદાએ જેમને પોતાની ગવાહી માટે આ આયત આપીને અને તું ગવાહ છે કે જેની પાસે આસમાની કિતાબોનું ઈલ્મ છે. (રે. સૂ.

રઅદ, પારો ૧૨, આ. ૪૨) પોતાના ગવાહ હોવાનું કહે છે. તો આ બધું સાબિત કરે છે કે આ વ્યક્તિઓ જ કુરઆનની આયતોને સાચી રીતે જાણે છે. માટે તેઓ જે અર્થ કરે કે બતાવે કે તે ઉતરતા પાછળનું કારણ કહે કે તે કોની શાનમાં આવી છે, તે કહે કે જે તે આયતનો મતલબ શો લેવાનો છે. વગેરે વગેરે જે કહે તે ખરેખર યોગ્ય જ છે, બાકી દુન્યવી ભાષાનો જાણકાર જે જ્ઞાની માણસ પણ આ ઈલાહી કલામને સાચી સમજાવી શકે નહીં. કારણ કે તેમ કરવાથી અર્થનો અનર્થ થવાની શકયતા વધો છે. આવુ જ કંઈક જેહાદ બારામાં થયું હોય તેમ લાગે છે. જેહાદ એ પવિત્ર શબ્દ છે. તે ખૂબજ ફઝીલત ધરાવે છે. કુરઆન કે જે ઈન્સાનોના નાહક કત્લને રોકવા આવ્યો અને ઈન્સાનોને જીવતદાન દેવા આવ્યો, તેના બદલે આજે આ જેહાદના નામે તો ઉલ્ટાનું નિર્દોષ લોકોનું ખૂન વહે છે. ઈન્સાન, ઈન્સાન મટી હૈવાન બની ગયો છે. શું કુરઆન આને જેહાદ કહેતું હશે ? જે કાર્યને સામાન્ય બુધ્ધિ ધરાવતો માણસ હૈવાનિયત કહે તેને ભલા શું ઈસ્લામ તેને મહાન કાર્ય ગણતો હશે ? જરા વિચારો..વિચારો...

આ સિવાય કુરઆનની આયતોમાં કેટલાય એવી શબ્દો, વાકયો છે જેના ઘણા અર્થ થતા હોય છે. પણ આનો ખરો અર્થ શો કરવો તે આપણને કોણ બતાવી શકે ? શું કોઈ ઈન્સાન એટલો ઈલ્મવાળો છે ખરો કે જે કુરઆનને તે રીતે સમજાવી શકે જે રીતે અલ્લાહ તેને સમજાવવા માંગે છે. એ શકય જ નથી, તો પછી આ કિતાબને સમજાવનાર વ્યક્તિ દરેક દૌરમાં તા કયામત સુધી અલ્લાહના હુકમથી હોવી જોઈએ તેમ માન્યા સિવાય છૂટકો જ નથી. અને ખરેખર અલ્લાહે આ માટેની વ્યવસ્થા કરીને જ આ કિતાબ ઉતારી છે. કેમકે દીન અલ્લાહનો છે. રસૂલ અલ્લાહ તરફથી છે. કુરઆન અલ્લાહના કલામ છે તો પછી આ કિતાબ સમજાવનાર પણ અલ્લાહ તરફથી જ આવેલા હોય શકે. આપણે તેમને સ્વીકારવા જ જોઈએ. તેનો ઈન્કાર કરી શકાય નહીં. આથી જ ખુદા કુરઆને પાકમાં એક પ્રસંગે કહે છે કે અલ્લાહ બહેતર જાણે છે કે તે પોતાની પૈગમ્બરી કોને કોને સોંપે (રે. સૂ. અન્આમ, પારો ૮, આયત નં. ૧૨૪) તો આમ ખુદા બહેતર જાણે છે કે પોતાની પૈગમ્બરી માટે કયા કેવા નબી/રસૂલ

મોકલવા, પોતાના દીનને કયામત સુધી બાકી રખવા નબીની બાદ કોને ઈમામ/ખલીફા બનાવવા/આ કુરઆન જેવી મહાન કિતાબને સમજાવનાર કોને બનાવવા/મોકલવા વગેરે વગેરે આમ આ દીનના બારામાં કોઈએ દખલ કરવાની જરૂર નથી તે રીતેના લહેઝામાં અલ્લાહ પોતાની વાત આ આયત દ્વારા કરવા માંગે છે. અને તેની આ વાતની સાબીતી કુરઆનની આ આયતથી પણ મળે છે કે રોજે મહેશર દરેકને તેના જમાતના ઈમામની સાથે બોલાવવામાં આવશે. (રે. સૂ. બની ઈસરાઈલ, પારો ૧૫, આ. ૭૧) તથા બીજી આયત : હે ઈમાનવાળાઓ ! તકવા ઈખ્તિયાર કરો અને સાચાઓની સાથે થઈ જાવ (રે. સૂ. તૌબા, પારો ૧૨, આ. ૧૧૭)

અરે માત્ર કુરઆનથી તો આપણે આપણી રોજની નમાઝ પણ અદા કરી શકતા નથી. તો પછી અન્ય અરકાનો/વાજિબાતો વિષે તો શું કહી શકાય. નબીની સીરત ઉપર ચાલ્યા વગર તો આપણે નમાઝ પણ અદા કરી શકતા નથી. આ માટે આપણે નબીની જરૂરત પડે છે. નમાઝ પડો, કેવી રીતે ? જેવી રીતે મારો નબી પડે છે. હજ કરો, કેવી રીતે ? જેવી રીતે મારો નબી બતાવે. કુરઆન સમજો, કેવી રીતે જેવી રીતે મારો નબી સમજાવે, તો હવે આ બની જ કહે છે કે હું તમારી દરમ્યાન બે વજની ચીજો છોડીને જાવ છું. (૧) કુરઆને કરીમ (૨) મારી ઈતરત યાને મારી એલહેબૈત અલય્હેમુસ્સલામ. તો બસ રસૂલના આ સાદીક કોલ પ્રમાણે  આપણે કુરઆનની સાથે સાથે આપણી એહલેબૈત અલય્હેમુસ્સલામ, પાસેથી જ કુરઆન સમજવું જોઈએ આ બંનેમાં નીકટતા કેટલી છે તે માટે ફકત આટલું જ કાફી છે. કુરઆન ઉપર જે અમલ કરે તે મુસલમાન કહેવાય છે. અને જેનો અમલ (સુબુત આયતે વિલાયત, સૂ.દહર) કુરઆનની આયતો બને તેને એહલેબૈત અલય્હેમુસ્સલામ કહે છે. વળી આ બારામાં કુરઆનની ઘણી આયતો તેમના તરફ આંગળી ચીંધે છે. (૧) અલ્લાહની રસીને બધા ભેગા મળીને પકડી રાખો. (રે. સૂ. આલે ઈમરાન, આયત નં. ૧૦૩, પારો ૩) આ રસ્સીથી મુરાદ કોણ છે ? (૨) આજ રસ્તો સીધો છે જે મારા સુધી પહોંચે છે. (રે. પારો ૧૪, સૂ. હુજરાત, આયત નં. ૪૧)

હુઝુરે આ એહલેબૈત અલય્હેમુસ્સલામ કે જેને અલ્લાહ તરફથી ખૂબજ ફઝીલતો ઈલ્મના માલીક બનાવીને મોકલ્યા છે તેઓને આપે આ રીતે જુદી જુદી રીતે ઓળખાવ્યા છે.

(૧) હું શહેરે ઈલ્મ છું અને અલી તેનો દરવાજો છે. (૨) ફાતેમા મારા જીગરનો ટુકડો છે. જેણે તેને અઝીયત આપી તેણે મને અઝીયત આપી અને જેણે મને અઝીયત આપી તેણે મારા ખુદાને અઝીયત આપી અને જેણે ખુદાને અઝીયત આપી તે જહન્નમી છે. (૩) હસન અને હુસૈન બન્ને ઈમામો છે. ચાહે તે બેઠા હોય, ચાહે ઉભા હોય. (૪) હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. (૫) મારો હુસૈન હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. (૬) તમામ નબીઓ જેની તાઝીમ માટે ઉભા થાય તે આખરી નબી આપણા આખરી રસૂલ છે. અને આખરી રસૂલ જેની તાઝીમ માટે ઉભા થાય તે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા છે. (૭) જે કોઈ આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામની મોહબ્બતમાં દુનિયા છોડે તે શહીદ, પાક, નજાત મેળવનારો હોય છે.

આ ઉપરાંત કુરઆને મજીદમાં આ એહલેબૈતે રસૂલ અલય્હેમુસ્સલામ કોણ કોણ છે તે આયતે તત્હીર, આયતે વિલાયત, આયતે મુબાહેલમાં બતાવ્યું છે અને આ એહલેબૈતની મોહબ્બતે જ અજરે રિસાલત કહી છે. તેઓની મોહબ્બત વગર આ દીને મોહમ્મદીની ઉજરત (મહેનતાણું) અદા થઈ શકતી જ નથી. અને ઉજરત વગરની ઈબાદત અધૂરી છે. માટે તેની માઅફેરત (ઓળખાણ) જાણવવાની/મેળવવાની કોશિષ કરીએ. બસ એજ.

**SUBSCRIPTION FOR BAG-E-FIRDOUS**

**Mahuva : Mohammadsusein Bhambhera - Mumbai : Munavvarali Sorthiya - Pune : Moh. Sadiq Punjani - Surat : Abidbhai Virani - Dediyapada : Mohsinbhai Rajani - Rajula : Huseinbhai Amiri - Palitana : Shabbirali Khunt - Bhuj (Kachh) : Haji Ramjaali Damani - Sihor : Hasanbhai Vasaya - Vartej : Afzalali Bhojani**

# વર્લ્ડ ન્યુઝ

આપણી કૌમની નાની–મોટી પ્રવૃત્તિઓના વર્લ્ડફેડરેશન ના સમાચારો ખાસ 'બાગે ફિરદૌસ' માસિકના વાંચકોની જાણકારી માટે 'વર્લ્ડ ફેડરેશન' ની વેબ સાઈટમાંથી ટુંકાવીને સરળ શબ્દોમાં અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમજ વધુ સમાચાર માટે વ. ફે. ની વેબસાઈની મુલાકાત લેવી. (વર્લ્ડ ફેડરેશનની વેબસાઈટ **www.world-federation.org**)

-----

- સંપાદક

## ● વ. ફે.ની એકસ્ટ્રા ઓર્ડિનરી એકઝીકયુટીવ કાઉન્સીલરની મીટીંગ તા. ૧૩ જૂન-૨૦૧૫નાં રોજ યોજાઈ ●

**વર્લ્ડ ફેડરેશનની એકસ્ટ્રા ઓર્ડિનરી એકઝીકયુટીવ કાઉન્સીલની મીટીંગ તા. ૧૩ જૂન-૨૦૧૫ ને શનિવારે હુજજત જમાત, સ્ટેનમોર (યુ.કે.) ખાતે યોજવામાં આવેલ હતી જેમાં યમનનાં આપત્તી સમયે કાર્ય કરવા માટે યોજવામાં આવેલ હતી. મીટીંગનો પ્રારંભ કુરઆને મજીદથી કરવામાં આવેલ ત્યારબાદ યમનમાં મદદ કરવા માટે શાન-એ અબ્બાસ હાસમે યમનની પરિસ્થિતિનો ચિતાર રજૂ કર્યો હતો અને પરિસ્થિતિમાં મદદ કરવા માટે અપીલ કરી હતી. જેમાં યમનનાં અસરગ્રસ્ત પરિવારોને ભોજન, આશ્રય, મેડિકલ તેમજ પાયાની જરૂરિયાત પુરી કરવા માટે અપીલ કરી હતી જેને આ મીટીંગમાં સમર્થન આપવામાં આવ્યું હતું.**

## ● વર્લ્ડ ફેડરેશન મદીના અને બાબ-૨૦૧૫ અભ્યાસક્રમ માટે આકાએની નિયુક્તિ કરે છે ●

**ઉત્કૃષ્ટ અને પ્રસિદ્ધ મદિના અને બાબ કોર્ષનાં અભ્યાસક્રમ વર્લ્ડ ફેડરેશનનાં વર્ષનાં મુખ્ય આકર્ષણમાંથી એક છે. ઈસ્લામીક એજયુકેશન ટીમ અભ્યાસક્રમ કોર્ષ પ્રતિભાગીઓની મઝહબી નૈતિક અને શૈક્ષણિક વિકાસનાં માધ્યમથી ઉત્કૃષ્ટતાની નવી ઉંચાઈ સુધી પહોંચવા જારી છે કે આ સુનિશ્ચત કરવા માટે પ્રતિબદ્ધ છે.**

## ● ભાગ-૧ મદિના અને બાબ સમરકોર્ષ-૨૦૧૫ ●

મદીના અને બાબનાં અભ્યાસક્રમમાં આ વર્ષે ઓગષ્ટ-૨૦૧૫, ઈન્શાઅલ્લાહ, ૧૨ જૂલાઈથી ૨૩ જગ્યા ઉપર જશે, અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અમો દુનિયાભરમાં વિભિન્ન ક્ષેત્રમાં શામિલ થશે. જે લગભગ ૮૦ પ્રતિભાગિઓને કહેવામાં આવ્યું છે. આઠ મહિલાઓ અને ૪ પુરુષો અમારી પ્રતિભાગિઓનાં સમર્થનમાં સાથે છે.

## ● મર્હુમ આયતુલ્લાહ શેખ મોહંમદમહેંદી અસેફી ●

આયતુલ્લાહ શેખ મોહંમદમહેંદી અસેફી (આર. એ.) નો ૭૬ વર્ષની વયે તા. ૩ જૂન-૨૦૧૫ નાં ગુરુવારનાં ઈન્તેકાલ થયેલ છે. જેનાં ઈન્તેકાલથી વર્લ્ડ ફેડરેશન દુઃખની લાગણી અનુભવે છે.

## ● રમઝાન રાહત ૧૪૩૬, ૨૦ દિવસ જવા માટે ●


મર્હુમ મુલ્લા અસગરઅલી એમ. એમ. જાફર બાદ રમઝાન રાહત કોર્ષ રમઝાન મહિના દરમિયાન હજારો ગરીબ પરિવારોને રાશન સહાય સહિત અન્ય સહાય વિતરણ કરતી રહી છે.

## ● વર્લ્ડ ફેડરેશન ઈન્ડીયા ઓફિસ દ્વારા દિકરીઓ માટે કેમ્પસનું આયોજન કરાયેલ ●

વર્લ્ડ ફેડરેશન ઈન્ડીયા ઓફિસ દ્વારા તાજેતરમાં ખંડાલા ખાતે દિકરીઓ માટે ચાર દિવસીય કેમ્પસનું આયોજન કરવામાં આવેલ હતું.

## ● ઈસ્લામી કાનુન : આયતુલ્લાહ સીસ્તાની સાહેબની તવઝીહુલ મસાઈલનો નવો અનુવાદ ●

અલ્લાહ તઆલાનાં ફઝલો કરમથી વર્લ્ડ ફેડરેશન મરઝએ તકલીદ આયતુલ્લાહ સૈયદ અલીહુસૈની સીસ્તાની સાહેબની તવઝીહુલ મસાઈલનો ઈંગ્લીશમાં અનુવાદ કરવામાં આવેલ છે. આ કાર્યને વર્લ્ડ ફેડરેશન ઈસ્લામીક એજયુકેશન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ. આ અંગે વધુ જાણકારી માટે ઈ-મેઈલ islamiceducation@world-federation.org પર સંપર્ક કરવો.

# ખત  ખબર

## કુવૈતમાં શિયા મસ્જીદમાં નમાઝે જુમ્મા બાદ આત્મઘાતી જબરદસ્ત બોમ્બ વિસ્ફોટ

કુવૈત ખાતે અમીર સબાહ અલઅહમદ અલજબેર અલસબાહ મસ્જીદ જે ગૃહમંત્રાલયથી થોડાક અંતરે જ આવેલી છે. આ મસ્જીદ શિઆની મસ્જીદ છે અને તે મસ્જીદે ઈમામે સાદિક (અ.સ.) તરીકે ઓળખાયછે. જેમાં તા.૨૬-૬-૨૦૧૫ ને નમાઝે જુમ્મા દરમિયાન આત્મઘાતી જબરદસ્ત બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો જેમાં ૨૨૨ જેટલાં નમાઝીઓને નાની-મોટી ઈજાઓ થઈ હતી અને ૨૭ જેટલા નમાઝીઓ શહાદત પામ્યા હતાં. નમાઝે જુમ્માની આખરી રકાતની નમાઝમાં આતંકવાદી શામિલ થઈ ત્યારબાદ જબરદસ્ત બ્લાસ્ટ થયેલ હતો. બ્લાસ્ટ બાદ કુવૈતનાં રુલેર શેખ શબાહ અહમદ જાબીર અહસાસબાએ બ્લાસ્ટ થયેલ મસ્જીદની મુલાકાત લીધી હતી અને કુવૈતમાં ૩ દિવસનો શોક જાહેર કર્યો હતો. આ હુમલાની આઈ.એસ.આઈ.એલ. આતંકવાદી સંગઠને સંડોવણીને સ્વીકારી હતી.

આ મસ્જીદમાં ૨૭ જેટલા નમાઝીઓની શહાદત થઈ છે. જેમાં બે ઈરાનીઓની પણ શહાદત થઈ છે. જયારે બે ભારતીયો પણ આ બોમ્બ વિસ્ફોટ હુમલામાં શહિદ થયેલ છે. જેમાં (૧) રીઝવાન હુસૈન (ઉ. વ. ૩૧) જે ઉત્તરપ્રદેશનાં સુલતાનપુર જિલ્લાનાં રહેવાસી છે અને મસ્જીદમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતાં હતાં. (૨) ઈબ્ને અબ્બાસ (ઉ. વ. ૨૫) જે ઉત્તરપ્રદેશનાં આંબેડકરનગરમાં જલાલપુરનાં રહેવાસી હતાં અને તેઓ ડ્રાઈવરનું કામકાજ કરતાં હતાં. આ બંને શહિદોની મૈયતને પવિત્ર શહેર નઝફમાં દફનવિધિ કરવામાં આવેલ છે. જયારે શહિદ થયેલા ૨૭ માંથી કેટલાકને પવિત્ર શહેર નઝફમાં અને કેટલાકને પવિત્ર શહેર કરબલામાં દફનવિધિ કરવામાં આવેલ છે.

મસ્જીદમાં કરાવવામાં આવેલ આ જબરદસ્ત બોમ્બ વિસ્ફોટના હુમલાનો દુનિયાભરમાં ઉગ્ર વિરોધ થઈ રહયો છે અને શીઆ-સુન્નીઓનાં આલિમોએ એકી અવાજે આ હુમલાને વખોડી એકતાને બરકરાર રાખવા મેસેજો આપ્યા હતા.

મસ્જીદમાં થયેલ આ જબરદસ્ત બોમ્બ વિસ્ફોટ હુમલા બાદ

દુનિયાભરમાં લગભગ દરેક મસ્જીદોમાં સીકયુરીટી વધારી દેવામાં આવી છે જયારે મુંબઈ ખાતે પણ ડોંગરી વિસ્તાર હઝરત અબ્બાસ (અ.સ.) સ્ટ્રીટમાં ખોજા જામે મસ્જીદ તેમજ મોગલ મસ્જીદમાં સીકયોરીટીનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

કુવૈતમાં થયેલ નમાઝે જુમ્મા બાદ મસ્જીદમાં થયેલ બોમ્બ વિસ્ફોટનાં પગલે દુનિયાભરમાંથી ઉગ્ર વિરોધ થઈ રહયો છે. આતંકવાદીઓએ માહે રમઝાનુલ મુબારક દિવસોનો પણ લિહાઝ ન કરી હેવાનીયતથી બદતર હોવાનું સાબિત કરી આપ્યું છે.

## ઈરાન પર લગાવેલા પરમાણુ પ્રતિબંધોનો સમાપ્તિ પર વિચાર

રૂસનાં વરિષ્ઠ પરમાણુ વાર્તાકાર અને ઉપ વિદેશમંત્રીએ કહયું છે કે પરમાણુ ચર્ચામાં ઈરાન પર લગાવેલા પ્રતિબંધો સમાપ્ત કરવા માટેનાં આવશ્યક કદમોની સમીક્ષા થઈ રહી છે. શેરગેઈ રિયાબકોવ એ પત્રકારોની સાથે વાત કરતાં કહયું કે પરમાણુ વાર્તા એક મહત્વપૂર્ણ વિષય દરેક પક્ષો માટે ઈરાનનાં પરમાણુ કાર્યક્રમનાં બારામાં સમગ્ર સમજોતાની સંભવિત પરિણામોની સમીક્ષા કરી છે, તેઓએ એ વાત પર ઉલ્લેખ કરતાં કહયું કે ઈરાન પર લગાવેલા પ્રતિબંધોની સમાપ્તિ માટે ક્રમબદ્ધ કાર્યક્રમ કરી રહયા છે કહયું કે સમગ્ર સમજોતાના વિવાદીત વિષયોનાં સમાધાન માટે અધિક તેજીથી કામ કરવામાં આવશે તેઓએ કહયું કે પાંચ થી સાત વિવાદીત વિષય બાકી છે જેને હલ કરવા માટે મંત્રીસ્તરનાં રાજનૈતિક નિર્ણયોની જરુરત છે. રુસનાં ઉપ વિદેશમંત્રીએ કહયું કે એક સપ્તાહ પહેલા બાકી બચેલા મામલાનું સમાધાનની ગતિમાં કમી ચિંતાજનક થઈ ગઈ છે પરંતુ હવે ઈરાન વ ગુટ પાંચ ધનકી એક વાતાર્મા ઈરાનનાં પરમાણુ કાર્યક્રમનાં સમાધાનની ગતિ તેજ થઈ રહી છે. તેઓએ કહયું કે સમગ્ર સમજૌતામાં મસૌદે મેં અમુક સમસ્યા છે જેનો નિર્ણય મંત્રીઓ પાસે મોકલતા પહેલા તે બારામાં વિશેષજ્ઞો સાથે ગહન સમીક્ષા કરશે. શેરેગઈ રિયાબકોટે કહયું કે ઈરાન પર લગાવેલા પ્રતિબંધોની સમાપ્તિની તકનીકી દ્રષ્ટિએ કઠિન અને જટીલ નથી પરંતુ તેમાં રાજનૈતિક નિર્ણયની જરુરત છે.

## ભાવનગર ખાતે આગામી માહે મોહર્રમમાં ઝિક્રે મઝલુમે કરબલા માટે નીચે મુજબનાં ઝાકીર સાહેબ તશરીફ લાવશે

ભાવનગર ખાતે આગામી અય્યામે અઝામાં ઝિક્રે મઝલુમે કરબલા માટે જનાબ મૌલાના રઝા હૈદર સાહેબ (કુમ-ઈરાન), જનાબ મૌલાના સમર ઝૈદી સાહેબ (યુ.પી.) તશરીફ લાવશે.

## જશ્ને મુજતબા (અ.સ.), ભાવનગર.

દર વર્ષ મુજબ આ વર્ષે પણ ૧૫ માહે રમઝાનુલ મુબારકની સબ હ. ઈમામ હસન (અ.સ.)ની વિલાદતે બા-સઆદત નિમિત્તે ભાવનગર ખાતે મુકતસર મહેફિલે મુકાસેદાનો કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં સ્થાનિક શાયરે એહલેબૈત (અ.મુ.સ.) ને મૌકો આપતાં તેઓએ ઝીક્રે એલહેબૈત (અ.મુ.સ.) ફરમાવેલ.

---

**શેખ અલી સલમાનનાં ખિલાફ ચાર વર્ષની સજાની નિંદા orgs માનવાધિકારે કરી**

આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠને દ્રઢતાથી રાજકારણ પ્રેરિત આરોપમાં શેખ અલી સલમાનને ચાર વર્ષની સજાની નિંદા કરી છે.

---

## સઉદી અને બહેરીનનાં શાસકોનાં નામે પત્રમાં આયતુલ્લાહ બાકીર ઉલ નીમર અને શેખ સલમાનની રીહાઈની માંગ કરી

ઈસ્લામાબાદ : સુપ્રિમ શીયા ઓલેમા બોર્ડનાં સંરક્ષક ઈન ચીફ અને તહરીક નફઝ ફિકહ-એ-જાફરનાં આગા સૈયદ હમીદઅલી શાહ મુસ્સવીએ મુખ્ય સાઉદી રાજાને પત્ર લખ્યો જેમાં તેઓએ આયતુલ્લાહ બાકીર ઉલ નીમર અને શેખ સલમાનને રિહાઈ કરવા માટેની માંગ કરી છે. તેઓએ સઉદીનાં સલમાન બીન અબ્દુલઅઝીઝ અને બેહરેનનાં શેખ મહંમદબીન ઈસા અલ ખલિફાને આ માંગની સાથે પત્રમાં સઉદ અરબમાં પવિત્ર સ્થાન જન્નતુલ બકી, જન્નતુલ મહોલ્લાને પૂર્વ ગૌરવ સાથે બહાર કરવા માટે જોર આપ્યું હતું.

---

**વર્લ્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન વિભાગનાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) ના હેડ નૌશાદભાઈ મેહરઅલી તેમજ તેમના અહેલિયા ગુજરાતની મુલાકાતે**

વર્લ્ડ ફેડરેશનનાં ઈસ્લામીક એજયુકેશન વિભાગનાં મદ્રેસા સેન્ટર ઓફ એકસેલન્સ (M.C.E.) ના હેડ નૌશાદભાઈ મેહરઅલી તેમજ તેમના અહેલિયા શમીમબાનુ ગુજરાતની મુલાકાતે આવ્યા હતાં. તેમનાં અહેલિયા શમીમબાનુ સરળ ગુજરાતી ભાષામાં કુરઆને મજીદની તફસીરનાં બારામાં મજલીસો પઢે છે, તેનો લાભ તેઓએ મહુવા તેમજ ભાવનગરમાં આપ્યો હતો.

# ‘બાગે ફિરદૌસ’ માસિકને મળેલ ડોનેશનની યાદી

રૂા. ૩૦૦૦/- બંદે ખુદા (કેનેડાવાળા) તરફથી ‘બાગે ફિરદૌસ’ ને ઉત્તેજન અર્થે. (હસ્તે. બંદે ખુદા-અમદાવાદ).

રૂા. ૧૦૦/- જ. શબ્બીરઅલી ભોજાણી (ભોજાણી ફર્નિચર, અમદાવાદ) તરફથી તેમનાં વાલિદ મર્હુમ પ્યારઅલી હબીબભાઈ હીરાણી તથા મ. મહેબુબઅલી કરમાલી તેમજ ભોજાણી પરિવારનાં મર્હુમીનની રૂહનાં સવાબ અર્થે

રૂા. ૧૦૦/- હાજી યુસુફઅલી હાજી શેરઅલીભાઈ વરતેજી (ભાવનગર) તરફથી તેમના મર્હુમ માતા-પિતા તેમજ મર્હુમ હાજી હૈદરભાઈના રૂહના તેમજ વરતેજી પરિવારના તમામ મર્હુમોના રૂહના સવાબ અર્થે.

રૂા. ૫૦/- હાજી અકબરઅલી કાસમઅલી ‘રાજા’ સોરઠીયા માળીયા-મિયાણાવાળા તરફથી તેમના વાલીદ મર્હુમ કાસમઅલીભાઈ કાનજીભાઈ ત્થા વાલીદા મર્હુમા ફાતેમાબાઈ કાસમઅલી સોરઠીયા (રાણાવાવવાળા)ની રૂહના સવાબ અર્થે.

રૂા. ૫૦/- જ. મોહસીનભાઈ પ્યારઅલી ભીમાણી (મોટી નાગલપુર) તરફથી તેમના વાલેદ મરહુમ પ્યારઅલી સુલેમાનભાઈ તથા વાલેદા મ. ફાતમાબેન બિન્તે નજરઅલીના રૂહના સવાબ અર્થે.

રૂા. ૫૦/- જ. સાજીદભાઈ ઓવન (ભાવનગર) તરફથી મર્હુમ હુસૈનઅલી નુરમહંમદ ઓવન સાહેબ તથા તેમના મહોરદાર મ. ફાતમાંબેન બિન્તે કરીમભાઈ તથા મ. અનવરઅલી જીવરાજભાઈ અસારીયા તથા તમામ મર્હુમોની રૂહના સવાબ અર્થે.

રૂા. ૨૦૦/- હાજી રમઝાનઅલી ગુલામહુસેન દામાણી (ભુજ-કચ્છ) તરફથી હ. વલીએ અસ્ર ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની ખુશ્નીદી-સલામતી માટે. તેમના ફરઝંદ મર્હુમ દિલાવર તથા તેમના વાલેદ મર્હુમ ગુલામહુસૈન જેઠાભાઈ તેમના વાલેદા મ.ફાતમાબાઈ બિન્તે સુલેમાન તેમના દાદા મ.જેઠાભાઈ ત્થા દાદી મ.નાનબાઈ તેમના ભાઈ મર્હુમ અકબરઅલી ગુલામહુસૈન તેમના ભાઈ મર્હુમ અમીરઅલી ગુલામહુસૈન તેમના બનેવી મ.અમીરઅલી અલીભાઈ ઢેબર તેમના બનેવી મર્હુમ શેરઅલી ફાઝલભાઈની રૂહના સવાબ અર્થે.

**BAGE FIRDOS**
MONTHLY

Pub. Date : 12-7-2015
JULY - 2015

Registered-BVR-365/2015-2017
Renewed up to 31-12-2017
R.N.I. No. GUJ GUJ / 2006/16591
Posting at 12th of Every month at Bhav. RMS
Ratail Price Rs. 9/-
Subscription Rs. 100/- (In India)

